
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૨૩ | ૦૩ એપ્રિલ, ૨૦૨૩, સોમવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશના સૌથી મોટા ડેટા ચોરી રેકેટનો પર્દાફાશ

## હૈદરાબાદ પોલીસે ૭૦ કરોડ યૂઝર્સનો ડેટા ચોરનારાને ઝડપ્યો : હરિયાણાના ફરીદાબાદમાં ઓફિસ ખોલીને કરતા હતા ચોરી



હૈદરાબાદ, તા.૨

તેલંગાણામાં સાઈબરાબાદ પોલીસે દેશની સૌથી મોટી ડેટા ચોરીનો રેકેટનો પર્દાફાશ કર્યો છે. હૈદારબાદ પોલીસે ૨૪ રાજ્યો અને ૮ મહાનગરોના ૬૬.૯ કરોડ વ્યક્તિઓ તથા ખાનગી સંગઠનોના ખાનગી અને ગોપનીય ડેચા ચોરવા, પોતાની પાસે રાખવા અને વેચવાના આરોપમાં એક વ્યક્તિની ધરપકડ પણ કરી છે. બાયજુસ અને વેદાંતુ સંગઠનોના વિદ્યાર્થીઓ સંબંધિત ડેટા સિવાય, આરોપી પાસે ૮ મેટ્રો શહેરમાં ફેલાયેલા ૧.૮૪ લાખ કેબ યૂઝર્સ સંબંધિત ડેટા, ૬ શહેરો અને ગુજરાત રાજ્યમાં ૪.૫ લાખ પગાદારી કર્મચારીઓનો ડેટા હતો. આરોપી વિનય ભારદ્વાજે હરિયાણાના ફરીદાબાદમાં એક ઓફિસ પણ ખોલી હતી. તેણે આમેર સોહેલ અને મદન ગોપાલ પાસેથી ડેટાબેઝ એકત્ર કર્યો હતો.

પોલીસ તપાસમાં ખુલાસો થયો કે, વિનયે ફાદા માટે ભેજાબાજોને ડેટા વેચવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો પ્રચાર કરતો હતો. પોલીસે કહ્યું કે, આરોપી પાસે જીએસટી, આરટીઓ, એમેજોન, નેટફ્લિક્સ, યુટ્યુબ, ફોન પે,

● અનુસંધાન પાન-૭ પર

# દુનિયામાં ફરી વાગ્યો વડાપ્રધાન મોદીનો ડંકો

## અપ્રૂવલ રેટિંગમાં દુનિયાની મહાશક્તિઓ રહી ગઈ પાછળ : મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ લીડર અપ્રુવલ લિસ્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોચ પર છે

નવી દિલ્હી, તા.૨

અમેરિકા ભલે વિશ્વની મહાસત્તા ગણાય છે પરંતુ વાત જ્યારે સૌથી શક્તિશાળી નેતાની આવે છે ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈ ટકી શકતું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો ડંકો ફરી એકવાર વિશ્વભરમાં વાગ્યો છે. મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ લીડર અપ્રુવલ લિસ્ટમાં પીએમ મોદી ટોચ પર છે. પીએમ મોદીને ૭૬ ટકા એપ્રુવલ રેટિંગ મળ્યું છે. જ્યારે મેક્સિકોના રાષ્ટ્રપતિ એંડ્રેસ મૈનુઅલ લોપેઝ ઓબ્રેડોર ૬૧ ટકા અપ્રુવલ રેટિંગ સાથે આ યાદીમાં બીજા નંબરે છે.



મોર્નિંગ કન્સલ્ટની આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ ત્રીજા સ્થાને છે. તેમને ૫૫ ટકા રેટિંગ મળ્યું છે. જ્યારે ઈટલીના પીએમ જોર્જિયા મેલોનીને ૪૯ ટકાનું એપ્રુવલ રેટિંગ મળ્યું છે. આ યાદીમાં મેલોની ચોથા નંબર પર છે. ગ્લોબલ લીડર અપ્રુવલ રેટિંગની યાદીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વાને જોર્જિયા મેલોનીની જેમ જ ૪૯ ટકાનું રેટિંગ મળ્યું છે.

વિશ્વની સૌથી મોટી મહાસત્તા કહેવાતા અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેન ગ્લોબલ લીડર અપ્રુવલ રેટિંગની યાદીમાં છઠ્ઠા નંબર પર છે. બાયડેનને માત્ર ૪૧ ટકાનું એપ્રુવલ રેટિંગ મળ્યું છે. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો ૩૯ ટકા એપ્રુવલ રેટિંગ સાથે સાતમા નંબરે છે. બ્રિટનના પીએમ ઋષિ સુનક ૧૦માં નંબર પર છે. તેમને ૩૪ ટકા રેટિંગ મળ્યું છે. સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝને ૩૮ ટકા અપ્રુવલ રેટિંગ મળ્યું છે અને તેઓ આ યાદીમાં ૮મા નંબરે છે.

# ચિંતાજનક વધારો : કોરોનાના ૩૮૨૪ નવા કેસ

નવી દિલ્હી, તા.૨

દેશમાં ફરી એકવાર કોરોના રોગચાળો માથું ઉંચકતો જણાય છે. થોડી રાહત પછી, ભારતમાં ફરીથી કોવિડ ૧૯નો ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૮૨૪ નવા કેસ નોંધાયા છે. જે બાદ દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસ વધીને ૧૮,૩૮૯ થઈ ગયા છે. કોરોનાના આ નવા કેસોને જોતા કેન્દ્ર અને રાજ્યના આરોગ્ય વિભાગો ફરી સતર્ક થઈ ગયા છે અને તેના નિયંત્રણ માટે ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ દેશભરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોકડ્રીલ યોજાશે.

**એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૮,૩૮૯ થઈ ગઈ છે : નિયંત્રણ માટે ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ દેશભરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોકડ્રીલ યોજાશે**

આરોગ્ય મંત્રાલય દ્વારા રવિવારે સવારે અપડેટ કરવામાં આવેલા ડેટા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૩૮૨૪ નવા કેસ નોંધાયા છે, જે પછી સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૮,૩૮૯ થઈ ગઈ છે. આ તાજા સક્રિય કેસ કુલ કેસના ૦.૦૪ ટકા છે.

દેશમાં કોરોના વાયરસને લઈને રિકવરી રેટ ૯૮.૭૭ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧,૭૮૪ દર્દીઓ સાજા થયા છે, જેનાથી કુલ રિકવરી ૪,૪૧,૭૩,૩૩૫ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૪ નવા મોત નોંધાયા છે. આ મૃત્યુ કેરળ, દિલ્હી, રાજસ્થાન અને હરિયાણામાં થયા છે. હાલમાં, દેશમાં વર્તમાન દૈનિક હકારાત્મકતા દર ૨.૮૭ ટકા છે અને સાપ્તાહિક હકારાત્મકતા દર ૨.૨૪ ટકા છે. ગુજરાતમાં કોરોનાના કેસમાં ફરી એકવાર વધારો થવા લાગ્યો છે. ના ફક્ત કેસમાં પણ હવે મૃત્યુના કેસ પણ સામે આવવા લાગ્યા છે. ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૭૨ કેસ નોંધાયા હતા. જ્યારે ૩૮૮ દર્દીઓ સાજા થયાં છે. આજે સૌથી વધુ કેસ અમદાવાદ જિલ્લામાં નોંધાયા છે.

# તોફાનીઓને ઉંધા લટકાવીને સીધા કરવામાં આવશે : ગૃહમંત્રી

## નવાડામાં ગર્જ્યા અમિત શાહ, કહ્યું- બિહારમાં ભાજપને તક આપો : નીતિશ કુમાર પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે તેઓ ખુરશી માટે લાલુ યાદવનો ટેકો છોડી શકે તેમ નથી પરંતુ ભાજપની કોઈ મજબૂરી નથી

નવાડા, તા.૨

બિહારના પ્રવાસે ગયેલા ગૃહમંત્રી અમિત શાહે નવાડામાં જનસભાને સંબોધિત કરતા મોટું નિવેદન આપ્યું છે. સીએમ નીતીશ કુમાર અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે જો તમને બંનેને લાગે છે કે તમને ફરીથી બીજેપીનું સમર્થન મળશે તો ભૂલી જાવ. તમારા માટે ભાજપના દરવાજા હંમેશા માટે બંધ થઈ ગયા છે. અમિત શાહે કહ્યું કે, હું બિહારના લોકોને આશ્વાસન આપું છું કે અમે હવે નીતિશ કુમાર સાથે ગઠબંધન કરવાના નથી. આ પહેલા અમિત શાહે કહ્યું કે આજે મારે સાસારામ જવાનું હતું. જ્યાં મારે મહાન સમ્રાટ અશોક માટે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવાનો હતો. પરંતુ સાસારામમાં હિંસા ફેલાઈ છે, હંગામો થયો છે. તેથી જ હું

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પૂજ્ય, પુણ્યશાળી, પવિત્ર, ધાર્મિક, મમતાની મૂર્તિ માતૃશ્રી

**મંજુલાબેન ત્રિકમદાસ નિમાવત**


(સ્વ. હેમતરામ મયારામ ગોડિયાના ધર્મપત્ની) વૈકુંઠધામમાં તા.૧.૪.૨૦૨૩ ચૈત્ર સુદ એકાદશીના રોજ વાસ કરેલ છે.

ભગવાન તેમના દિવ્ય આત્માને પોતાના શરણમાં રાખે. સ્વર્ગસ્થનું બેસણું તા.૩.૪.૨૦૨૩ ને સોમવાર રોજ નીચેના સરનામે સવારના ૮.૦૦ થી ૧૧.૦૦ વાગ્યે રાખેલ છે.

પ્લોટ નંબર-૮૧૨, સોમેશ્વર સોસાયટી, સેકટર -૨૭, ગાંધીનગર.

ડો.લલિતચંદ્ર વૈષ્ણવ (નિવૃત આયુર્વેદિક અધિકારી, ગાંધીનગર)
ધીરેન્દ્ર વૈષ્ણવ (કન્સલ્ટન્ટ - સીડ્સ માર્કેટિંગ)
જયોતિન્દ્ર વૈષ્ણવ (નિવૃત ઉપસચિવ, નાણા વિભાગ)
રજનીકાંત વૈષ્ણવ (નિવૃત સેલ્સ ટેકસ ઇન્સ્પેક્ટર) - ૯૪૨૭૩૦૬૯૫૫
ભરત વૈષ્ણવ(એડીશનલ સેક્રેટરી, ગૃહ વિભાગ) - ૯૯૭૮૪૦૬૩૭૫
અરૂણાબેન વૈષ્ણવ (નિવૃત ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, માણસા હોસ્પિટલ)
ધર્મેન્દ્ર વૈષ્ણવ

# પૂર્વ ભારતીય ક્રિકેટર સલીમ દુર્રાનીનું નિધન



નવી દિલ્હી, તા.૨

ભારતીય ક્રિકેટ જગત માટે રવિવારે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. પૂર્વ ભારતીય ક્રિકેટર સલીમ દુર્રાનીનું ૮૮ વર્ષની વયે નિધન થયું છે. તેઓ કેન્સર સામે લડી રહ્યા હતા. સલીમ દુર્રાનીએ ગુજરાતના જામનગરમાં અંતિમ શ્વાસ લીધા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સલીમ દુર્રાનીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમને અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમને આ સન્માન ૧૯૬૦માં મળ્યું હતું. સલીમ દુર્રાનીએ ભારત માટે ૨૯ ટેસ્ટ રમી હતી, જેમાં તેમણે એક સદી અને સાત ફિફ્ટીની મદદથી ૧૨૦૨ રન બનાવ્યા હતા. આની સાથે ૭૫ વિકેટ પણ લીધી હતી.

સલીમ દુર્રાનીનો જન્મ ૧૧ ડિસેમ્બર ૧૯૩૪ના દિવસે અફઘાનિસ્તાનના કાબુલમાં થયો હતો. જો કે, ત્યારે તેમની ઉંમર માત્ર આઠ વર્ષની હતી. ત્યારે તેમનો પરિવાર પાકિસ્તાનના કરાચીમાં રહેવા ગયો હતો. ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે દુર્રાનીનો પરિવાર ભારતમાં સ્થળાંતર કરી ગયો હતો.

